**STD:- 4 Subject:- Computer. Revision**

પ્રશ્ન :-(૧) પુરા વાક્યમાં સવાલ ના જવાબ લખો.

૧ .કમ્પ્યુટરના ગૌણ ભાગો કેટલા છે ?કયા- કયા ?

જ:- કમ્પ્યુટરના ગૌણ ભાગો પાંચ છે.

1. પ્રિન્ટર 2.સ્કેનર 3 પ્લોટર 4 સ્પીકર 5 વેબ કેમેરો 6 પેન ડ્રાઈવ.

૨. કમ્પ્યુટર નો ઉપયોગ કયા કયા ક્ષેત્રોમાં કરવામાં આવે છે?

જ:- કમ્પ્યુટરનો ઉપયોગ શાળા, કોલેજ ,દવાખાના, દુકાન ઘર, ઓફિસ, બેંક, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન ,સરક્ષણ ક્ષેત્ર એમ વિવિધ જગ્યાએ કરવામાં આવે છે.

૩. વર્ડપેડ એ શેની સાથે સામ્યતા ધરાવતો પ્રોગ્રામ છે?

જ:- વર્ડપેડ એ નોટપેડ પ્રોગ્રામ ની સાથે સામ્યતા ધરાવતો પ્રોગ્રામ છે.

૪. ઇનપુટ એટલે શું?

જ:- કમ્પ્યુટરમાં માહિતી દાખલ કરવાની પ્રક્રિયાને ઇનપુટ કહે છે.

૫. મોનિટરના પ્રકાર કેટલા છે ?કયા કયા?

જ:-મોનિટરના બે પ્રકાર છે

C.R.T મોનિટર

L.C.D મોનિટર.

૬. G.B એટલે શું?

જ:- G.B એટલે ગીગા બાઈટ.

૭. ચિત્ર દોરવા માટે નો ખુબ જ સરળ પ્રોગ્રામ કયો છે?

જ:-ચિત્ર દોરવા માટે નો ખુબ જ સરળ પ્રોગ્રામ Paint 🎨 છે.

૮. કેલ્ક્યુલેટર નો ઉપયોગ શેના માટે થાય છે?

જ:-કેલ્ક્યુલેટર નો ઉપયોગ ગણિતના પ્રશ્નોના ઉકેલ લાવવા માટે થાય છે.

૯. Paint 🎨 પ્રોગ્રામમાં જુદા જુદા ચિત્રો કે આકાર ધરાવતા બોક્સ ને શું કહે છે?

જ:- Paint પ્રોગ્રામમાં જુદા જુદા ચિત્રો કે આકારો ધરાવતા બોક્સને ટુલ બોક્સ કહે છે.

૧૦. સ્ટોરેજ ડિવાઇસ ના સાધનો કયા કયા છે?

જ:-ફ્લોપી ડિસ્ક હાર્ડ ડિસ્ક, સીડી ,ડીવીડી ,પેન ડ્રાઈવ વગેરે સ્ટોરેજ ડિવાઇસના સાધનો છે.

૧૧. મોનિટરને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે?

જ:-મોનિટરને અન્ય સ્ક્રીન અને V.D.U ના નામે ઓળખવામાં આવે છે.

૧૨. જોય સ્ટિક નો ઉપયોગ શેના માટે થાય છે?

જ:- જોયસ્ટિક નો ઉપયોગ મુખ્યત્વે વિડીયો ગેમ્સ રમવા માટે થાય છે.

પ્રશ્ન:-૨ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર એક શબ્દમાં લખો.

૧. Paint 🎨 પ્રોગ્રામને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે?

જ:- M.S. Paint 🎨.

૨. કેલ્ક્યુલેટર શરૂ કરતાં ડિસ્પ્લે બોક્સમાં શું જોવા મળે છે?

જ:- O જોવા મળે છે.

૩. આઉટ એટલે શું?

જ: બહાર.

૪. વાયરલેસ કીબોર્ડ શેના આધારે કામ કરે છે?

જ:- સિગ્નલના

૫. રૂલર એટલે શું?

જ:- ફૂટપટ્ટી

૬. કમ્પ્યુટરમાં તૈયાર કરેલ ફાઈલનો શેમાં સંગ્રહ કરવો જોઈએ?

જ:-ફોલ્ડરમાં.

૭. વર્ડ પેડ એ કયા પ્રકારનો પ્રોગ્રામ છે**?**
જ:**-** શબ્દ પ્રક્રિયક.
૮. પેન ડ્રાઈવ કયા પ્રકારનું ડિવાઇસ છે**?**
જ:**-**સ્ટોરેજ
૯. કમ્પ્યુટરમાં માહિતી દાખલ કરવા માટે કયા ભાગનો ઉપયોગ થાય છે**?**
જ:**-** કીબોર્ડ નો
૧૦. પુટ શબ્દ નો અર્થ શું થાય**?**
જ:**-** મૂકવું
૧૧. ગાણિતિક પ્રશ્નોના ઉકેલ માટે કોનો ઉપયોગ કરવામાં આવે છે**?**
જ:**-** કેલ્ક્યુલેટરનો
૧૨. ફંકશન બટન કયા કયા છે**?**
જ:**- +, - , = , ÷ , %** વગેરે.

પ્રશ્ન:**-** ૩ ખાલી જગ્યા પૂરો.
૧. **0** થી **9** અંકોને ન્યુમેરિક અંક કહે છે.
૨. ટકા શોધવા માટે **%** ચિન્હ નો ઉપયોગ થાય છે.
૩. ડોટ મેટ્રિક્સ પ્રિન્ટર ટાઈપ રાઇટર સાથે સામ્યતા ધરાવે છે.
૪. લેઝર પ્રિન્ટરમાં ટોનર પાવડર નો ઉપયોગ કરીને કાગળ પર લખાણ લખવામાં આવે છે.
૫. સ્ટોરેજ એટલે સંગ્રહ કરવો.
૬. કમ્પ્યુટરમાં દાખલ કરેલી માહિતી પર પ્રક્રિયા થઈ પરિણામ મોનિટર પર જોવા મળે છે.
૭. કમ્પ્યુટરની કાર્યપદ્ધતિ ની સરખામણી અનાજ દળવાની ઘંટી સાથે કરી શકાય છે.
૮. માહિતીને કાગળ પર છાપવા માટે પ્રિન્ટર નો ઉપયોગ થાય છે.
૯. માઉસને માઉસપેડ ઉપર રાખીને તેનો ઉપયોગ કરવામાં આવે છે.
૧૦. પ્રોસેસિંગ એટલે પ્રક્રિયા કરવી.
૧૧. કીબોર્ડ માં **0** થી **9** એ નંબર કીઝ છે.
૧૨. કીબોર્ડ માં **a** થી **z** અને **A** થી **Z** એ આલ્ફાબેટ કીજ છે.

પ્રશ્ન :-૪ ✓ કે × ની નિશાની કરો.
૧. વાયરલેસ કીબોર્ડમાં વાયર હોતો નથી. **- ( ✓ )**
૨. સ્ટાન્ડર્ડ કીબોર્ડ માં **101** કીઝ આવેલી હોય છે. **( ✓ )**
૩. આઉટ એટલે અંદર. **(× )**
૪. **RAM** પ્રકારની મેમરી ને ફક્ત વાંચી શકાય છે. **( × )**
૫. હાર્ડ ડિસ્ક ને કમ્પ્યુટરની મોટી નોટબુક તરીકે ઓળખવામાં આવે છે. **(✓)**
૬. માઉસ એ સ્ટોરેજ ડિવાઇસ છે. **(×)**
૭. પેઈન્ટ પ્રોગ્રામને અન્ય નોટપેડ ના નામે ઓળખવામાં આવે છે.**( ×)**
૮. વળાંક દોરવા માટે કર્વ નો ઉપયોગ થાય છે.**(✓)**
૯. સ્ટાન્ડર્ડ કેલ્ક્યુલેટર કદમાં મોટું હોય છે. **(×)**
૧૦. ચિત્ર દોરવા માટે નો સરળ પ્રોગ્રામ **Paint** 🎨 છે.**(✓)**
૧૧. કીબોર્ડ પર જુદાજુદા બટન્સ આવેલા હોય છે.**(✓)**
૧૨. કમ્પ્યુટરમાં રહેલી માહિતી ને છાપવા માટે સ્પીકર નો ઉપયોગ થાય છે.**(×)**

પ્રશ્ન :-૫ નીચે આપેલા કોમ્પ્યુટરના ભાગો કે સાધનોનો ઉપયોગ જણાવો.
૧. કીબોર્ડ:**-** કમ્પ્યુટરમાં કોઈપણ પ્રકારની માહિતી દાખલ કરવા માટે કીબોર્ડ નો ઉપયોગ થાય છે.

૨. માઉસ:- કમ્પ્યુટરમાં કોઈ ચોક્કસ બાબતનો નિર્દેશ કરવા માટે, ચિત્ર દોરવા માટે ,ગેમ્સ રમવા માટે, એક મેનુ માંથી બીજા મેનુ માં જવા માટે માઉસ નો ઉપયોગ થાય છે.
૩ સ્પીકર:- સંગીત સાંભળવા માટે.
૪. પ્લોટર:- વિવિધ પ્રકારના નકશાઓ ડ્રોઈંગ પોસ્ટર જેવા દસ્તાવેજો છાપવા માટે પ્લોટર નો ઉપયોગ થાય છે.
૫. પેન ડ્રાઈવ:- વિવિધ પ્રકારની માહિતી નો સંગ્રહ કરવા માટે.
૬. પ્રિન્ટર:-કમ્પ્યુટરમાં રહેલી માહિતી ને કાગળ પર છાપવા માટે.
૭. વેબ કેમેરો:-વિશ્વના જુદા જુદા ખૂણામાં રહેલી વ્યક્તિઓને જોવા તથા તેમની સાથે વાતચીત કરવા માટે.
૮. સ્કેનર:-ચિત્ર કે લખાણને સીધું જ કમ્પ્યુટરમાં દાખલ કરવા માટે.
૯. LCD પ્રોજેક્ટર:- એનિમેશન આધારિત શાળાકીય અભ્યાસક્રમ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન વગેરે દર્શાવવા માટે.
૧૦. મોનિટર:-કમ્પ્યુટરમાં દાખલ કરેલી માહિતી પર પ્રક્રિયા થઈ તેનું પરિણામ જોવા માટે.

પ્રશ્ન:-૬ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી '0' કરો.

૧. કમ્પ્યુટરની નાની નોટબુક કોને કહે છે?
**A.** ફ્લોપી ડિસ્ક- **O**
**B.** હાર્ડ ડિસ્ક
**C.** કોમ્પેક્ટ ડિસ્ક.
૨. ચિત્ર દોરવા માટે નો ખુબ જ સરળ પ્રોગ્રામ કયો છે?
**A.** નોટપેડ
**B.** પેઇન્ટ- **O**
**C.** વર્ડ પેડ
૩. ચિત્રમાં રંગ પૂરવા માટે કયા ટુલ નો ઉપયોગ કરવામાં આવે છે?
**A.** ફીલ
**B** કલર
**C.** ફીલ વિથ કલર- **O**
૪. ગાણિતિક પ્રશ્નના ઉકેલ માટે કોનો ઉપયોગ કરવામાં આવે છે?
**A** ટેલીફોન
**B** કેલ્ક્યુલેટર- **O**
**C** ટેલિવિઝન
૫. મોનિટરને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે?
**A.VDU- O**
**B.CPU**
**C.MDU**
૬. ડોટ એટલે શું?
**A.** લીટી
**B** અક્ષર
**C** ટપકું- **O**
૭. **101** કિઝ ધરાવતા કી-બોર્ડ ને કયા નામે ઓળખવામાં આવે છે?
**A** માસ્ટર
**B** સ્ટાન્ડર્ડ- **O**
**C** મલ્ટીમીડિયા.
૮. માઉસને ઇચ્છિત આઈટમ પર લઈ જઈ તેનો નિર્દેશ કરવાને શું કહે છે
**A** પોઇન્ટિંગ- **O**

B ક્લિકિંગ
C ડ્રેગીગ
૯. માઉસનો વાયર કોની સાથે જોડાયેલો હોય છે?
A કીબોર્ડ
B CPU - O
C મોનિટર.
૧૦. વર્ડપેડ એ કયા પ્રકારનો પ્રોગ્રામ છે?
A. શબ્દ પ્રક્રિયક- O
B વાક્ય પ્રક્રિયક
C. પેરેગ્રાફ પ્રક્રિયક.
૧૧. કમ્પ્યુટરમાં તૈયાર કરેલ ફાઈલ નો શેમાં સંગ્રહ કરવો જોઈએ?
A ફોલ્ડર- O
B ડોક્યુમેન્ટ
C પેન ડ્રાઈવ.
૧૨. નકશાઓ ડ્રોઈંગ અને પોસ્ટર પ્રકારના દસ્તાવેજ છાપવા માટે શેનો ઉપયોગ થાય છે?
A મોનિટર
B પ્લોટર- O
C. પ્રિન્ટર.

પ્રશ્ન:-૭ નીચે જણાવેલા ટુલ નો **Paint** 🎨 પ્રોગ્રામમાં ઉપયોગ જણાવો.
૧. ફીલ વિથ કલર:-દોરેલા ચિત્રમાં મનપસંદ રંગ પૂરવા માટે.
૨. કર્વ:-વળાંક દોરવા માટે.
૩. પેન્સિલ:-વિવિધ પ્રકારના ચિત્ર કે આકાર દોરવા માટે.
૪. ઈ લિપ્સ:- ગોળ , લંબચોરસ અને ઈંડા આકાર દોરવા માટે.
૫. લાઈન:-જુદી જુદી પહોળાઈ ધરાવતી લીટીઓ દોરવા માટે.
૬. ઇરેઝર:-ચિત્ર નઈ ભૂંસી નાખવા માટે.
૭. રેક્ટેંગલ ટૂલ:-ચોરસ અને લંબચોરસ આકાર દોરવા માટે.

પ્રશ્ન:- ૮ જોડકા જોડો. (સાચા જવાબ સાથે)
૧. માઉસ. - પોઇન્ટિંગ ડિવાઇસ
૨. કીબોર્ડ - ઇનપુટ ડિવાઇસ.
૩. મોનિટર - આઉટપુટ ડિવાઇસ
૪. હાર્ડ ડિસ્ક- કમ્પ્યુટરની મોટી નોટબુક.
૫. ફ્લોપી ડિસ્ક - કમ્પ્યુટરની નાની નોટબુક.
૬. પેન ડ્રાઈવ - સ્ટોરેજ ડિવાઇસ.
૭.C.P.U. - સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ.

પ્રશ્ન:- ૯ ટૂંક નોંધ લખો.
૧. કમ્પ્યુટરની કાર્યપદ્ધતિ ની સરખામણી.
૨. કી-બોર્ડ
૩. વર્ડપેડ પ્રોગ્રામની કામગીરી.
નોંધ:- ટૂંક નોંધ નોટમાં લખાવેલી છે તેમાંથી લખીને તૈયાર કરવી.